WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

# GUJARATI STUDY MATERIAL

## DETAILED STUDY MATERIAL

CREATED BY:

NEEL JOTANI

COPYRIGHTED MATERIAL

# આલ્કલી =ક્ષાર ધાતુ, આલ્કલાઇન =ક્ષારીય ધાતુ

## પ્રારંભિક પ્રયાસ :તત્વોનુ વર્ગીકરણ

| | |
|---|---|
| **J.W.ડોબેરાઇનર** | જયારે ઘનિષ્ઠ તત્વોને ત્રણ-ત્રણના સમુહમા રાખવામા આવે....''વચ્ચેનુ તત્વનો પરમાણુ ભાર =બાકી બે ના સમાંતર મધ્યક બરાબર<br>Li / Na / K<br>6.94 / 22.09 / 39.10<br>મધ્યક=Li+K/2 = 23.02<br>આ નિયમને **"ત્રિક બિંદુ નિયમ"**કહેવાય |
| **J.A.R.ન્યુલેન્ડ** | **"અષ્ટકનો નિયમ"→સંગીતના સુરો મુજબ.....સારેગામા પધનિસા......**દર પ્રત્યેક આઠમા તત્વે ગુણધર્મ સમાન હોય તે મુજબ ગોઠવણી કરી<br>**ન્યુલેન્ડનો આવર્ત નિયમ:** *"નિશ્ચત અંતરાલ બાદ ગુણધર્મોની પુન પ્રાપ્તિ"* |
| **લોથરમેયર:** | નિયમ: આવર્તિતતા "ભૌતિક ગુણ ધર્મો પર આધારિત" |

**મેન્ડલીફની આવર્તસારણી:**

**મેન્ડલીફનો આવર્તનિયમ:** "તત્વના ગુણધર્મો તેના **પરમાણુ ભાર**ને આવર્તી ફલન છે"

→તેમણે પરમાણુને **ભાર**ના આધારે ગોઠવ્યા....જેમા પ્રત્યે **આઠમો** અને **પહેલા** તત્વના ગુણ ધર્મો સમાન હોય

ઉપયોગિતા:

**(1)**જે તત્વ શોધાયા ન હતા....તેના માટે પણ ખાલી સ્થાન છોડાયેલ હતા....જેને "એકા-સિલિકોન" "એકા-જર્મેનિયમ"નામ આપ્યુ હતુ

**(2)**વણ શોધાયેલ તત્વોના ગૂણધર્મો પણ નકકી કરેલ હતા

**મર્યાદા:**

કેટલાક સમસ્થાનિક અને ઉત્કૃષ્ટ ગેસોમાટે સ્થાન છોડેલ ન હતા

## આધુનિક આવર્ત કોષ્ઠક

| | |
|---|---|
| પરમાણુક્રમાકની શોધ | **મોજલે** |

**આધુનિક આવર્ત નિયમ:** *"તત્વોના ગુણધર્મો તેમના પરમાણુ ક્રમાંકને આવર્તી ફલન છે"*

## આવર્ત સારણીમા તત્વોના વર્ગીકરણ માટે કરેલી પુર્વધારણાઓ

| | |
|---|---|
| ૧ | રાસાયણિક પ્રક્રિયા દરમિયાન પરમાણુની બાહ્ય કક્ષામા ઇલેક્ટ્રોનની **હાની અથવા પ્રાપ્તી થાય** |
| ૨ | કોઇ પરમાણુનુ બીજા પરમાણુ સાથે **ઇલેક્ટ્રોનનુ સહભાજન** મુખ્યત્વે **બાહ્ય કક્ષાના** ઇલેક્ટ્રોન દ્વારા થાય |
| ૩ | બાહ્ય કક્ષાના ઇલેક્ટ્રોન તત્વના **રાસાયણિક ગુણધર્મો** રજુ કરે છે |

આ નિયમ પરથી.... બાહ્યતમ કક્ષા મા સરખા ઇલેક્ટ્રોન ધરાવતા તત્વો **સરખા ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો ધરાવે**

આવર્ત કોષ્ટક તત્વોના ***ગુણ ધર્મોનુ આવર્તી ફલન (નિયત અંતરાલ બાદ પુન પ્રાપ્તી)*** છે

## આવર્ત સારણીના ગુણધર્મો

| | |
|---|---|
| ૧ | Total 18 ઉભા સ્તંભ છે...."વર્ગ**(group)**" |
| ૨ | Total 7 આડી લાઇન.....''**આવર્તક**" |
| ૩ | Total 114 તત્વો જ્ઞાત.....<br>90 — પ્રાકૃતિક<br>અન્ય — (1)નાભિકિય રૂપાંતરથી બનાવેલ<br>(2)કુત્રિમ રીતે બનાવેલ<br>તેમ છતા "પરાયુરેનિયમ"(યુરેનિયમ પછીના તત્વો)ને જ "**માનવ નિર્મિત**"મનાય |
| ૪ | આવર્ત No. / તત્વોની સંખ્યા<br>1 / બે / અત્યંત લઘુ આવર્ત<br>2 / આઠ / લઘુ આવર્ત<br>3 / આઠ / લઘુ આવર્ત<br>4 / અઢાર / દીર્ઘ આવર્ત<br>5 / અઢાર / દીર્ઘ આવર્ત<br>6 / બત્રીસ / અત્યંત દીર્ઘ આવર્ત<br>7 / અપુર્ણ |
| ૫ | Group no. / ઉપનામ<br>1 / હાઇડ્રોજન સિવાય....**આલ્કલી ધાતુ**<br>2 / **આલ્કલાઇન ધાતુ**<br>3 to 12 / **સંક્રમણ-transitional**<br>16 / **ચેલ્કોજન**<br>17 / **હેલોજન**<br>18 / **ઉત્કૃષ્ઠ ગેસ** |
| ૬ | 58 to 71 તત્વો / **લેન્થેનોઇડ/આંતરિક સંક્રમણ તત્વ પ્રથમ શ્રેણી**<br>90 to 103 / **એકિટનોઇડ/આંતરિક સંક્રમણ તત્વ દ્વિતિય શ્રેણી** |
| ૭ | "સંક્રમણ"અને "આંતરિક સંક્રમણ"તત્વો સિવાયના બધા તત્વો સંયુકત રૂપે **"મુખ્ય તત્વો"** કહેવાય |

## ધાતુઓ,અધાતુઓ અને ઉપધાતુઓ

**ઉપધાતુઓ :**periodical table મા બોરોનB, સિલિકોન Si, જર્મેનિયમ Ge, આર્સેનિક As, એન્ટીમની Sb, ટેલુરિયમ Te ,પોલાનિયમ Po આબધા **એક વિકર્ણ જેવી લાઇનમા આવે**

**ધાતુઓ :**વિકર્ણ જેવી લાઇનન ડાબી બાજુના તત્વો

**અધાતુઓ :**વિકર્ણ જેવી લાઇનન જમણી બાજુના તત્વો

## s,p,d,f block

| | જો અંતિમ ઇલેક્ટ્રોન.... | |
|---|---|---|
| s-block | s ઉપકોશ | આલ્કલી, આલ્કલાઇન ધાતુ |
| p-block | p ઉપકોશ | group-13 to 18 |
| d-block | d ઉપકોશ | group-3 to 12 (લેન્થેનાઇડ,એકટેનાઇડ સિવાય) |
| f-block | f ઉપકોશ | લેન્થેનાઇડ,એકટેનાઇડ શ્રેણી |




WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

# આલ્કલી =ક્ષાર ધાતુ, આલ્કલાઇન =ક્ષારીય ધાતુ




## પરમાણુ આમાપ (size)

| | |
|---|---|
| નાભિકના કેન્દ્ર બિંદુથી બીજા નાભિકના કેન્દ્ર બિંદુ સુધીનુ અંતર બંધ લંબાઇ કહેવાય |  |
| બંધ લંબાઇનુ અડધુ અંતર **પરમાણુ ત્રિજ્યા** કહેવાય | Atomic radius = ½ AA = r |

*પરમાણુની ત્રિજ્યામા ફેરફાર:*

| | |
|---|---|
| ડાબી **થી** જમણી | *ઘટે* |
| ડાબી **થી** જમણી તરફ જતા **e** વધે....તેથી નાભિકમા ***અતિરિક્ત આવેશ*** પેદા થાય જે ઇલેક્ટ્રોનોને પોતાની તરફ આકર્ષીત કરે.....તેથી કદ ઘટે....કક્ષા સંકોચન પામે | |
| ઉપર **થી** નીચે | *વધે* |
| ઉપર થી નીચે આવતા ઇલેક્ટ્રોન વધે....તેથી ત્રિજ્યા વધે (*ધ્યાન રાખો:* આમા પણ અતિરિક્ત આવેશ પેદા થાય છે....જે મુજબ સંકોચન થવુ જોઇએ.....પણ એવુ નથી.....કા.કે...ઉપરથી નીચે આવતા કક્ષા નવી બને....તેથી અતિરિક્ત આવેશ નો આવેશ તેને સંકોચવા પુરતો નથી) | |

## આયન આમાપ (size)

| | |
|---|---|
| ઇલેક્ટ્રોન ગુમાવે | *ધનઆયન બને* |
| ઇલેક્ટ્રોન મેળવે | *ઋણાયન બને* |

### ધન આયન < મુળ પરમાણુ < ઋણાયન

- e નિકળી જતા..ધન આવેશ વધે.. ત્રિજ્યા નાની થાય
- e મેળવતા..ઋણ આવેશ વધે.. ત્રિજ્યા મોટી થાય

*આયનની ત્રિજ્યામા ફેરફાર:*

| | |
|---|---|
| ડાબી **થી** જમણી | *ઘટે (ઉપરનુ જ કારણ)* |
| ઉપર **થી** નીચે | *વધે* |

## 100થી ઉપરના તત્વો માટે IUPAC નામ પધ્ધતિ

**"કમિશન ઓન નોમેનક્લેચર ઓફ ઇનઓર્ગેનિક કેમેસ્ટ્રી"** દ્વારા 103 ઉપરના તત્વો માટે નામ પધ્ધતિ સુચવી

| અંક | નામ | ટુંકુ રૂપ |
|---|---|---|
| **0** | **nil** | **n** |
| **1** | **un** | **u** |
| **2** | **bi** | **b** |
| **3** | **tri** | **t** |
| **4** | **quad** | **q** |
| **5** | **pent** | **p** |
| **6** | **hex** | **h** |
| **7** | **sept** | **s** |
| **8** | **oct** | **o** |
| **9** | **enn** | **e** |
| **નામ પાછળ "ium --ઇયમ" લગાડવો** | | |

*રીત:* પરમાણ્વીય ક્રમાંક 108 માટે..........

| | | | |
|---|---|---|---|
| 1 | 0 | 8 | |
| un | nil | oct | +ium |
| u | n | o | ← ટુંકુ રૂપ |

108=unniloctium=uno

## કેટલાક IUPAC દ્વારા સ્વિકારાયેલા નામ:

| | | | | | |
|---|---|---|---|---|---|
| 101 | Md | મેન્ડેલીવિયમ | 108 | Hs | હેસિયમ |
| 102 | No | નોબેલિયમ | 109 | Mt | મિટનેરિયમ |
| 103 | Lr | લોરેન્સિયમ | 110 | | |
| 104 | Rf | રૂથરફોર્ડીયમ | 111 | | |
| 105 | Db | ડબનિયમ | 112 | | |
| 106 | Sg | સિબોર્ગિયમ | 113 | | |
| 107 | Bh | બોહરિયમ | 114 | | |

VIJAY-JOTANI.WEEBLY.COM

# આલ્કલી =ક્ષાર ધાતુ, આલ્કલાઇન =ક્ષારીય ધાતુ

## આયનીકરણ/આયનન એન્થાલ્પી

**"કોઇ તત્વના *એક મોલ* માટે ગેસીય અવસ્થામા કોઇ વિયુકત પરમાણુમાથી સર્વાધિક શિથિલતાબધ્ધ ઇલેકટ્રોનના નિષ્કાસન માટે આવશ્યક ઉર્જાને "આયનન એન્થાલ્પી" કહેવાય"**

→એકમ : kJ $mol^{-1}$

$M_{(g)} + IE \rightarrow M^{+}_{(g)} + e^{-}$

*આયનન એન્થાલ્પીમા ફેરફાર :*

| | |
|---|---|
| ડાબી **થી** જમણી | ***વધે*** |
| ઉપર **થી** નીચે | ***ઘટે*** |

આયનીકરણ/આયનન એન્થાલ્પીમા આ ફેરફારના કારણો :

**(1)પરમાણુનૂ આમાપ :** જેમ આકાર નાનો.... ઇલેકટ્રોન મજબુતિથી બંધાયેલ.....તેથી તેને તોડવા વધુ આયનન એન્થાલ્પી જોઇએ.....તેથી આકાર વધતા આયનન એન્થાલ્પી ઘટે

**(2)પરમાણુનૂ ના નાભિકિય આવેશની માત્રા :** કોઇ પરમાણુમાથી ઇલેકટ્રોન છુટો પાડતા તેના નાભિકનો આવેશ વધી જાય અને તે ઇલેકટ્રોનને વધુ મજબુતીથી ખેચે.....તેથી **પ્રથમ આયનન એન્થાલ્પી કરતા** બીજા ઇલેકટ્રોનને તોડવા **દ્વિતિય આયનન એન્થાલ્પી વધુ જોઇએ**

**(3)પરમાણુની આજુબાજુ નુ આવરણ :**

**(4)સામિલ ઇલેકટ્રોનોનો પ્રકાર(s,p,d,f) :**
s કક્ષક p,d,f કરતા મજબુતી થી બંધાયેલ હોય તેથી તેને તોડવા વધુ આયનન એન્થાલ્પી જોઇએ....તેથી આયનન એન્થાલ્પીનો વધતો ક્રમ :

**s>p>d>f**

## ઇલેકટ્રોન ગ્રહણ એન્થાલ્પી

**"ગેસીય અવસ્થામા ઉદાસીન પરમાણુના એક મોલ માટે પ્રત્યેક પરમાણુના એક મોલ માટે ઇલેકટ્રોન ગ્રહણ કરતા મુકત થતી કે અવશોષિત થતી ઉર્જાને "ઇલેકટ્રોન ગ્રહણ એન્થાલ્પી કહેવાય**

$X(g) + e^{-} \longrightarrow X^{-}(g)$

$Cl(g) + e^{-} \longrightarrow Cl^{-}(g)$; $\Delta H = -349$ kJ $mol^{-1}$
1 mol      1 mol

*ઇલેકટ્રોન ગ્રહણ એન્થાલ્પીમા ફેરફાર :*

| | | |
|---|---|---|
| ડાબી **થી** જમણી | ***વધે*** *(ધ્યાન રાખો : વધે મતલબ "અંક" વધે....એટલે કે મુકત થતી ઉર્જા વધે......પણ ખરે ખર તેનં આપણે "-" લઇએં છીએ....તેથી "-અંક" જે ઘટાડો છે....તેથી વધે= ઋણાત્મકતા વધતી જાય* | વધે કા.કે. ડાબી બાજુ નાના પરમાણુ હોય તેથી....તેમા નાભિકનો આવેશ ને કારણે ઇલેકટ્રોનને વધુ અસરકારકારીતે ખેચે....તેથી ઉર્જા વધુ મુકત થાય<br>બીજુ કારણ :ડાબી બાજુ ધાતુઓ હોય જે ઇલેકટ્રોનને ગ્રહણ ન કરે તેથી **માન ઓછુ અને જેમ જેમ જમણાતિરફ જાઓ તેમ વધે** |
| ઉપર **થી** નીચે | ***ઘટે*** *(ધ્યાન રાખો : ઘટે મતલબ "અંક" ઘટે....એટલે કે મુકત થતી ઉર્જા ઘટે......પણ ખરે ખર તેનં આપણે "-" લઇએં છીએ....તેથી "-અંક" જે વધારો છે....તેથી વધે= ઋણાત્મકતા ઘટતી જાય* | ઘટે કા.કે. નીચે આવતા પરમાણુ ત્રિજ્યા વધે....અને તેથી નાભિકની પકડ ઓછી.....તેથી તે ઇલેકટ્રોન ખેચવાની શકિત ઓછી |

## વિદ્યુત ઋણાત્મકતા

**"કોઇ સંહસંયોજી બંધમા પરમાણુ દ્વારા ઇલેકટ્રોન યુગ્મને પોતાના તરફ આકર્ષિત કરવાની ક્ષમતાને "વિદ્યુત ઋણાત્મકતા"કહેવાય"**

→આ સાપેક્ષ માપ છે એટલે કે હાઇડ્રોજનના આધારે આપણે બીજા બધાની માપીયે છીએ

| | |
|---|---|
| **સમનાભિકિય પરમાણુ વચ્ચે બંધ હોય તો** | **ઇલેકટ્રોન બંને વચ્ચે સમાન રીતે આકર્ષાયેલ રહે** |
| **વિષમનાભિકિય પરમાણુ વચ્ચે બંધ હોય તો** | **ઇલેકટ્રોન વધુ વિદ્યુત ઋણાત્મકતા તરફ રહે અને બંધનુ ધ્રુવીકરણ થાય** |

*વિદ્યુતઋણાત્મકતામા ફેરફાર :*

| | |
|---|---|
| ડાબી **થી** જમણી | ***વધે (ઉત્કૃષ્ઠ ગેસને બાદ કરતા કા.કે. તે વિદ્યુત ઉદાસીન હોય)*** |
| ઉપર **થી** નીચે | ***ઘટે(ઉત્કૃષ્ઠ ગેસને બાદ કરતા કા.કે. તે વિદ્યુત ઉદાસીન હોય)*** |

રેડિયો એક્ટિવ ન લેવા

| | |
|---|---|
| **ઉર્જા આપવી પડે** | **+ લેવી** |
| **ઉર્જા ઉત્પન થાય** | **- લેવી** |




| | |
|---|---|
| બંધના બે પરમાણુ વચ્ચેની વિદ્યુત ઋણાત્મકતાનુ અંતર વધારે (એટલે કે એક માટે ખુબ ઓછુ બીજાનૂ બહુ વધારે) | બંધ આયની |
| બંધના બે પરમાણુ વચ્ચેની વિદ્યુત ઋણાત્મકતાનુ અમ્તર શુન્ય | પુર્ણત : સહસંયોજી બંધ |

VIJAY-JOTANI.WEEBLY.COM